# વાયબ્રન્ટનું નવું નજરાણું : શહેરમાં ૧૦મીએ ડ્રોન-શો

## મહાત્મા મંદિરે સમિટના પ્રથમ દિવસે ૨ હજાર ડ્રોનથી યોજાશે નવલો ડ્રોન શો : પાંચ વ્યુઅીંગ સાઈટો નિયત કરાઈ જ્યાંથી ૪૦ હજાર લોકો શો નો નજારો પાણી શકશે

ગાંધીનગર, તા. ૩

આગામી ૧૦મીએ વાયબ્રન્ટ સમીટના ઉદ્‌ઘાટન સમારોહ બાદ સાંજે ડ્રોન શૉ યોજવામાં આવશે જે વાયબ્રન્ટ સમીટનું નવુ નજરાણુ છે. રાજ્યમાં પહેલીવાર આ રીતે ડ્રોન શૉ નું આયોજન કરાયુ છે.

મળતી વિગતો પ્રમાણે વાયબ્રન્ટ સમીટ નિમિત્તે યોજાનાર આ ડ્રોન શૉ માટે પાંચ વ્યુઅીંગ સાઈટ પણ ઉભી કરવામાં આવી છે. આ વ્યુઅીંગ સાઈટમાં ૪૦ હજાર લોકો એક સાથે બેસી અને શૉ ને માણી શકશે.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે બે હજાર ડ્રોનની મદદથી આ ડ્રોન શૉ નું આયોજન કરાશે. આ માટે મહાત્મા મંદિરના ગેટ નં. ૫ પાસે ૭૦ મી.ટ૨૫૦ મી.ની ૧૮૦ મીટરની હાઈટ ધરાવતી વિશાળ સ્ક્રીન ઉભી કરવામાં આવશે.

આ ડ્રોન શૉ આમ તો પાંચ કિ.મી. સુધીના વિસ્તારમાં જોઈ શકાશે પણ તેની મજા અને આનંદ લેવા માટે પાંચ વ્યુઅીંગ પોઈન્ટ નિયત કરવામાં આવ્યા છે. આ ડ્રોન શૉ માં વડાપ્રધાન મોદી તેમજ રાજ્યના રાજ્યપાલ, મુખ્યમંત્રી, મંત્રી મંડળના સભ્યો ઉપરાંત મહેમાનો પણ વિશેષ ઉપસ્થિત રહી માણનાર છે.

આ ડ્રોન શૉ ને લઈ હાલ તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ત્રણ દિવસ સુધી આ શૉ પૂર્વે ખાસ ટ્રાયલ ડ્રાઈવ યોજવામાં આવનાર છે.

દેશભરમાં ૫ થી ૬ જેટલા ડ્રોન શૉ યોજાયા છે અને ગુજરાતમાં પહેલીવાર યોજાઈ રહ્યો છે. આ આખાય શૉ નું આયોજન રાજ્યના ભૂસ્તર નિયામકશ્રીની કચેરી દ્વારા કરવામાં આવી રહ્યું છે.

આ તદ્દન નવલુ નજરાણુ છે. વાયબ્રન્ટને લઈ હાલ તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. શહેર સોળ શણગાર સજી રહ્યુ છે. શહેરમાં ૧૧ કરોડથી વધુ બલ્બની રોશની કરવામાં આવશે આ માટે માર્ગ-મકાન વિભાગ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગાંધીનગર શહેરના વિવિધ સર્કલોને પણ રોશનીથી સજાવવામાં આવનાર છે.

ગાંધીનગર શહેરમાં યોજાનાર ડ્રોન શૉ ને લઈ જે પાંચ વ્યુઅીંગ પોઈંટ નિયત કરવામાં આવ્યા છે તેમાં રેલવે સ્ટેશનનો આગળનો ભાગ તેમજ પ્લેટફોર્મનો વિસ્તાર, હોટલ લીલાની બાજુનું મેદાન (કુબેરનગર)નું, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનું મેદાન તેમજ સાંઈનું ક્રિકેટ સ્ટેડિયમનો સમાવેશ થાય છે. આ વ્યુઅીંગ સાઈટો પર ૪૦ હજાર જેટલા લોકો એક સાથે હાજર રહી અને તેનો આનંદ લઈ શકે છે.

# કોરોના વકર્યો : તંત્ર દોડધામ વચ્ચે મુંઝવણભરી સ્થિતિમાં છે

## શહેરમાં કોરોનાએ સદી નોંધાવી તો ગ્રામ્ય વિસ્તારમાં અર્ધી સદી નોંધાવી : બીજી લ્હેરના સંવેદનશીલ વિસ્તારો ફરીથી હોટસ્પોટ બની ઉભરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના બેકાબુ બની વિસ્તરી રહ્યો છે અને તંત્ર પણ વધતા જતા કેસોને પગલે સતત દોડતુ રહ્યુ છે.

વાઈબ્રન્ટ સમીટની તૈયારીઓ વચ્ચે જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. ખાસ કરીને મહિલાઓ અને વિદ્યાર્થીઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તે ચિંતાનું મુખ્ય કારણ છે. શહેર-જિલ્લામાં કોરોના પોઝીટીવીટીનો રેટ ૨ ટકા પર પહોંચી ગયો છે.

શહેર-જિલ્લામાં આજે ૨૭ કેસ નોંધાયા છે. જેમાં શહેરમાં ૧૮ અને ગ્રામ્યવિસ્તારમાં ૯ કેસ નોંધાયા છે. કોરોના બેકાબુ બની વિસ્તરી રહ્યો હોવાથી જનતામાં પણ ભયની લાગણી ઉભી થવા પામી છે.

તંત્રએ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની પ્રથા અમલી બનાવી છે તેમજ ૨૫૦૦થી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કર્યા છે. કેસોની ગતિ ચિંતાજનક બની હોવાનો આડકતરો એકરાર તંત્ર કરી રહ્યુ છે. સોશ્યલ ડિસ્ટન્સીંગ નહિ જળવાતુ હોવાનું અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અંગે લોકોની બેદરકારીને લઈ તંત્ર ચિંતીત છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાએ સદી પૂરી કરી તો ગ્રામ્ય વિસ્તારમાં અર્ધી સદી નોંધાવી છે. સઘન સર્વેલન્સ અને હોમ આઈસોલેશન તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવાની સૂચનાઓ કાગળ પર જ જોવા મળી રહી છે.

શહેર-જિલ્લામાં કેસો વધ્યા છે પણ હોસ્પિટલાઈઝેશન દર ઓછો હોવાની વાત આગળ કરી સ્થિતિ નિયંત્રણમાં હોવાની વાતો કરવામાં આવી રહી છે પરંતુ પ્રજાજનોમાં ભયની લાગણી છવાઈ જવા પામી છે. બીજી લ્હેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી વધુ કેસો સામે આવી રહ્યા હોવાથી તંત્ર પણ દોડધામમાં વ્યસ્ત બની મુંઝવણભરી સ્થિતિમાં મુકાયુ છે.

# શહેરમાં કોરોનાના ૧૮ કેસ

## કોરોના કેસોએ સદી પૂરી કરી : કેસની સંખ્યા ૧૦૭ થઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૮ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોએ તેમની સદી પૂર્ણ કરી દીધી છે અને કુલ આંક ૧૦૭ પર પહોંચ્યો છે.

શહેરમાં કોરોના વકરતો જોઈ નગરજનોમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં એક દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યારે બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસોમાં ૮ મહિલા દર્દીઓનો સમાવેશ સંક્રમિતોની યાદીમાં થાય છે. આજે નોંધાયેલા કેસોમાં યુવા દર્દીઓની સંખ્યા વધુ છે.

શહેરમાં જે ગતિએ કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી રહી છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ તેમજ મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી આ ચિંતા વધુ ઘેરી બની છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં કુડાસણમાં ૫, સરગાસણમાં ૩, સે. ૭ માં બે તેમજ રાંદેસણ, સે. ૬, ૨૪, સુઘડ, સે. ૨૬, ૪, ૩ અને સે. ૧૯માં ૧-૧ કેસ નોંધાયેલ છે.

મળતી વિગતો પ્રમાણે રાંદેસણમાં એક ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પાલનપુરનો પ્રવાસ કર્યો હોવાનું જાણવા મળેલ છે. યુવાને વેક્સિન નહિ લીધી હોવાનું પણ જાણવા મળેલ છે. યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭માં આજે બે કેસ નોંધાયા છે. સે. ૭ માં એક ૭૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૬ માં એક ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં વસ્તીની દૃષ્ટિએ ગીચ ગણાતા સે. ૨૪માંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા મુંબઈ ખાતે નોકરી કરતી હોવાનું જાણવા મળેલ છે. તેણીનીએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્યમાં કોરોનાના નવ કેસ

## ગાંધીનગરમાં ૭ કેસ : અડાલજ હોટ સ્પોટ તરીકે ઉભર્યુ : અડાલજમાં આજે પાંચ કેસ નોંધાયા : દહેગામમાં બે કેસ નોંધાયા : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક સપ્તાહમાં ૪૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૯ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નોંધાયેલા કેસોની સંખ્યા ૫૨ થઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોએ ગતિ પકડી છે જેને લઈ તંત્રની દોડધામ વધી જવા પામી છે. આજે નોંધાયેલા કેસોમાં એક વિદ્યાર્થીનીઓ સહિત પાંચ મહિલા દર્દી છે. એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યારે બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાં ૭ અને દહેગામમાં બે કેસ નોંધાયા છે. ગાંધીનગરમાં કેસોની સંખ્યા ખુબ ઝડપથી વધી રહી છે તેથી તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગર તાલુકામાં બીજી લ્હેર માટે સંવેદનશીલ બનેલ અડાલજ આ વખતે પણ હોટ સ્પોટ તરીકે ઉભરી રહ્યુ છે. અડાલજમાં આજે વધુ પાંચ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં બાળકો અને મહિલાઓના કેસો વધતાં તંત્ર ચિંતાતુર બન્યુ છે.

દહેગામ તાલુકામાં આજે અર્બન વિસ્તારમાં બે કેસ નોંધાયા છે. ખાનગી નોકરી કરતા ૪૮ વર્ષીય પુરૂષ અને ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગરમાં શહેર નજીક આવેલ સીઆરપીએફ કેમ્પસમાં આજે વધુ એક જવાન સંક્રમિત થયો છે જેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

અડાલજમાં ૪ મહિલાઓ સંક્રમિત થઈ છે. જેમાં ૧૩ વર્ષીય વિદ્યાર્થીનીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૨ વર્ષનો એક કિશોર પણ સંક્રમિત થયો છે. તંત્રએ સમગ્ર તાલુકામાં સઘન સર્વેલન્સ માટેની

● અનુસંધાન પાન-૭ પર

# ‘નૉ-વેક્સિન, નો-એન્ટ્રી’નો કલેક્ટર-મનપા કચેરીમાં અધકચરો અમલ

ગાંધીનગર, તા. ૩

વેક્સિનના બે ડોઝ લીધા નહિ હોય તો જિલ્લાની સરકારી કચેરીઓમાં પ્રવેશ નહિ મળે. આજે ગાંધીનગર મહાનગરપાલિકા અને ગાંધીનગર કલેક્ટર કચેરીમાં સરકારના આ નિર્ણયનો અધકચરો અમલ શરૂ થઈ ગયો છે. જોકે જિલ્લા પંચાયત કચેરીમાં અમલવારી થઈ નથી.

રાજ્ય સરકારે બે દિવસ પહેલા આ અંગે નિર્ણય કર્યો હતો અને તે અંગેનો પરિપત્ર પણ કરી દીધો છે. આજે મનપાની કચેરી કાર્યરત છે તેવા સેવા સદનમાં પ્રવેશદ્વાર પર સિક્યોરીટી દ્વારા જ પ્રવેશ કરતાં પહેલાં વેક્સિનેશનનું પ્રમાણપત્ર માંગવામાં આવતુ હતુ. પરંતુ પ્રવેશ દ્વાર પછીના ચાર દરવાજા પર આ ચકાસણીની વ્યવસ્થા જોવા મળી ન હતી.

જિલ્લા કલેક્ટર કચેરીમાં આજે બપોરના બાર વાગ્યા પછી આ પ્રથાનો અમલ શરૂ થઈ ગયો હતો. તંત્રએ હવે પ્રવેશદ્વાર પર એક વિજ્ઞપ્તિ પત્ર મુકવાનો નિર્ણય કર્યો છે એટલુ જ નહિ બન્ને ગેઈટ જે એન્ટ્રી અને એક્ઝીટ ગેઈટ છે ત્યાં સિક્યોરીટી દ્વારા તેની ચકાસણી કરાશે.

આ બન્ને કચેરીઓમાં મુલાકાતીઓની સંખ્યા પ્રમાણમાં વધુ રહે છે. જોકે અધકચરો અમલ જોઈ લોકોમાં આ અંગે મુદ્દો ચર્ચાનો બન્યો હતો. જિલ્લા પંચાયતમાં આજે આ નિર્ણયની અમલવારી થઈ ન હતી જોકે એકાદ દિવસમાં અમલવારી શરૂ થશે તેમ જાણવા મળેલ છે.

આજે જિલ્લાની આ બે મહત્વની કચેરીમાં અધકચરા નિર્ણયની અમલવારીને પગલે કેટલાક મુલાકાતીઓ નિરાશ થઈને પરત ફર્યા હતા. માત્ર જિલ્લા કચેરીઓની જ વાત ના કરીએ અને રાજ્ય સરકારની કચેરીઓની વાત કરીએ તો પણ અમલ તો અધકચરો જ છે. જુના સચિવાલય અને બોર્ડ-નિગમની કચેરીઓમાં પણ આ જ સ્થિતિ છે.

# અડાલજ-ત્રિમંદિર માર્ગ આસપાસ સ્થિત ૫૦ દબાણો દુર કરાયા

## દબાણોના લીધે ટ્રાફિકની સમસ્યા પેચીદી બની હતી : શેડ અને હોર્ડીંગ્સ દુર કરવા માટે ચાર જેસીબી કામે લાગ્યા : આજે પણ ઝુંબેશ ચાલુ






ગાંધીનગર તા ૩

અડાલજ થી ત્રિમંદિર તરફ જવાના માર્ગ પર આસપાસ સ્થિત હોટલ રેસ્ટોરન્ટ સહીત અન્ય કોર્મશિયલ દબાણો છેલ્લા કેટલાક સમયથી વધી ગયા હતા. આ વિસ્તારને દબાણોએ અજગર ભરડામાં લીધો હતો. જેના લીધે ટ્રાફિકને લગતી સમસ્યા પણ પેચીદી બની હતી. જેને ધ્યાનમાં રાખી આજે સલામતીના ભાગરૂપે માર્ગ મકાન વિભાગની ટીમ જે સી બી સાથે દબાણોનો કડુસલો કર્યો હતો. તંત્રની ટીમે દિવસ દરમિયાન ૫૦ જેટલા શેડ તેમજ હોર્ડીંગ્સના દબાણો દુર કર્યા હતા. જયારે હજુ એક દિવસ દબાણો દુર કરવાની ઝુંબેશ યથાવત રહેશે. દબાણોના લીધે આ માર્ગ પર ઠેર ઠેર વાહનો પણ માર્ગ વચાળે પાર્ક થતા માર્ગ સલામતી પણ જોખમાઈ હતી.

ગાંધીનગર શહેરમાં પણ વાઈબ્રન્ટ ટાંણે મુખ્યમાર્ગોની આસપાસ દબાણો દુર કરવા તંત્રની ટીમે અગાઉ ઝુંબેશ હાથ ધરી હતી જેના અંતે હાલ મુખ્યમાર્ગોની આસપાસ લારી ગલ્લાના દબાણો ડોકીયા કરતા નથી. નગરને વાઈબ્રન્ટ લુક આપવા માટે દબાણો

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામ યુવા મોરચાના હોદ્દેદાર કોરોનાથી સંક્રમિત : નેતાઓ દોડતા થયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પ્રશિક્ષણ વર્ગમાં હાજરી આપી પરત ફરેલા દહેગામ શહેર ભાજપ યુવા મોરચાના એક હોદ્દેદારનો રિપોર્ટ પોઝીટીવ આવતાં ભાજપમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

આ પ્રશિક્ષણ વર્ગમાં બે ધારાસભ્યો અને અપેક્ષિત કાર્યકરો હાજર હતા તેમજ સાત સેશનમાં આ વર્ગનું આયોજન કરાયુ હતુ.

તાલુકામાં ભાજપના આગેવાનો હવે ખાનગીમાં ટેસ્ટ કરાવવા માટે દોડી રહેલા જોવા મળી રહ્યા છે. દહેગામ તાલુકામાં આજે બે કેસ નોંધાયા છે જેમાં આ કેસનો સમાવેશ થતો નથી.

મળતી વિગતો પ્રમાણે આ હોદ્દેદારે રેપીડ એન્ટીજન ટેસ્ટ કરાવ્યો હતો અને તેમાં રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ હોદ્દેદાર હાલ તો હોમ આઈસોલેટ થઈ ગયા છે. જો કે આ વાત વાયુવેગે પ્રસરતાં ભાજપના ઘણા આગેવાનો દોડતા થઈ ગયા છે.



દહેગામ કોર્ટના જજ ડી જે પ્રજાપતિને ભાવનગર એસ ડી જજ તરીકે બઢતી મળતા દહેગામ બાર એસોસિએશન દ્વારા બારના પ્રમુખ હસમુખભાઈ પટેલ , પુર્વ પ્રમુખ મુકેશભાઈ અમીન ગુજરાત બાર કાઉન્સિલના મેમ્બર શંકરસિંહ એસ ગોહીલ દ્વારા શાલ ઓઢાડી પુષ્પગુંચ્છથી સન્માન કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી આ તબક્કે દહેગામાન વકીલોએ પણ તેમને વિશેષ શુભેચ્છાઓ પાઠવી હતી.

જાહેર ખબર

## વોક-ઈન-ઈન્ટરવ્યુ

## ૧૧ માસ કરાર આધારિત ભરતીની જાહેરાત

ગુજરાત સરકાર દ્વારા અમલમાં ભાપત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) હેઠળ કાર્યરત સંસ્થા જે. ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન (ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, સેક્ટર-૧૯, ગાંધીનગર)ની મંજુર થયેલ નીચે દર્શાવેલ જગ્યાઓ ૧૧ માસનાં કરારનાં ધોરણે ICPSનાં નિયમોને આધીન વર્ગ-૪ની જગ્યાઓ ભરવાની થાય છે. તે અર્થે તા. ૧૩/૧/૨૦૨૨ના રોજ બાળ સંભાળ ગૃહ, સેક્ટર-૧૯, જુનું સરકારી દવાખાનું, સુવિધા કચેરીની સામે, ગાંધીનગર ખાતે વૉક-ઈન-ઈન્ટરવ્યુ નીચેની વિગતે રાખવામાં આવેલ છે.

| ક્રમ | હોદ્દો | કર્મચારીઓની સંખ્યા | ચુકવવાનું માનદ વેતન (Per Month) |
|---|---|---|---|
| ૧ | હેલ્પર | ૦૨ | ૮૦૦૦/- |
| ૨ | હાઉસ કીપર - આયા | ૦૩ | ૮૦૦૦/- |

- ઉમેદવારોએ રજીસ્ટ્રેશન સવારે ૧૦:૩૦ થી ૧૨:૦૦ કલાક સુધી કરવાનું રહેશે.
- એકથી વધારે જગ્યા માટે ઉમેદવારી નોંધાવા માંગતા ઉમેદવારે દરેક જગ્યા માટે અલગથી અરજી કરવાની રહેશે.
- ઉમેદવારે અરજી, પાસપોર્ટ સાઈઝનો ફોટો, જન્મ આધારનો પુરાવો અસલ તથા નકલ સાથે ઉપર જણાવેલ તારીખ, સમય, સ્થળે સ્વ-ખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.
- જાહેરાતના અનુસંધાને ઉમેદવારની પસંદગી અંગેનો અધિકાર નિયમણુંકની સત્તા સત્તાધિકારીની રહેશે.

મેનેજર
જે. જી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન
ગાંધીનગર

# શહેરના સર્કલોને અવનવી ડિઝાઈનની રોશનીથી શણગારવામાં આવશે

## વાઈબ્રન્ટ દરમિયાન મુખ્યમાર્ગો સહીત વચાળે સ્થિત સર્કલોની પણ રોનક નિખરશે : શહેરના માર્ગો પર સ્થિત ૨૭ સર્કલો પર રોશની આકર્ષણનુ કેન્દ્ર બનશે

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી હવે આખરી તબક્કામાં તૈયારીઓ ચાલી રહી છે. વાઈબ્રન્ટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવે છે. જેના ભાગરૂપે શહેરના વિવિધ બિલ્ડીંગો તેમજ માર્ગો અને સ્વર્ણિમ પાર્કના ઉદ્યાનમાં પણ અવનવી રોશની જોવા મળશે જયારે શહેરના માર્ગ વચાળે સ્થિત સર્કલો પણ રોશનીથી સુશોભિત કરવામાં આવશે. મુખ્યમાર્ગોની સાથે સર્કલોની પણ રોનક નિખરશે. તંત્ર કક્ષાએથી શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત ૨૭ સર્કલોની યાદી તૈયાર કરી દેવામાં આવી છે. જયારે સફાઈ અને કલરકામના અંતે હવે સર્કલાને રોશનીથી સજ્જ કરાશે

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટની તૈયારીમાં હાલ તંત્ર ઉંધા માથે છે. શહેરના મુખ્યમાર્ગો સહીત મહાત્મા મંદિર તેમજ સ્ટેશન વિસ્તાર અને એકઝિબ્યુશન સેન્ટરમાં પણ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સુશોભન અને સુરક્ષાના પરિબળોને ધ્યાનમાં રાખી વિશેષ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. વાઈબ્રન્ટ સમિટના આડે હવે માત્ર એક સપ્તાહનો જ સમય બાકી રહ્યો હોવાથી અંતિમ તબક્કાની તૈયારીઓ પણ પુર જોશમાં ચાલી રહી છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવે છે. શહેરના માર્ગોની સુધારણા ઉપરાંત રોડ ફર્નિચરની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. રાત્રિના સમયે માર્ગો વધુ આકર્ષક દેખાય તે માટે રીફલેકટર્સ લાઈટ તેમજ આસપાસ રોશની પણ મુકવામાં આવવનાર છે. શહેરના મુખ્યમાર્ગો સહીત આસપાસના વન આરક્ષિત વિસ્તારમાં પણ નવા રોપાઓની વાવણી કરી વૃક્ષોમાં રંગબેરંગી રોશની કરવામાં આવશે. જયારે સર્કલોની નગરી તરીકે ઓળખાતા ગાંધીનગરમાં મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલોને વિવિધ થીમ આધારિત વિકસાવાયા છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી સર્કલોની જાળવણીના નામે કોઈ કામગીરી હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com